# વર્તમાન પ્રવાહની આર-પાર

## 02-01-2019

## સંપૂર્ણ, સરળ, વિશ્વસનીય

## Most Imp ટોપીકની ચર્ચા

Video By - Dilip Sadatiya

# નોબેલ પુરસ્કાર 2018...

- ✍ નોબલ પુરસ્કારથી સંબંધિત સામાન્ય માહિતી
- સ્વીડન ના નોબેલ ફાઉન્ડેશન દ્વારા નોબલ પુરસ્કાર આપવામાં આવે છે.
- 29 જૂન, 1900 ના રોજ નોબલ ફાઉન્ડેશનની સ્થાપના થઈ હતી.
- સ્વીડનના વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબેલની યાદમાં વર્ષ 1901 માં નોબલ પુરસ્કારની શરૂઆત થઈ હતી.
- શાંતિ, સાહિત્ય, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, તબીબી વિજ્ઞાન અને અર્થશાસ્ત્રના ક્ષેત્રે માં વિશ્વનો સૌથી વધુ પ્રતિષ્ઠિત એવોર્ડ છે.
- આ પુરસ્કારમાં, 1.4 મિલિયન ડૉલરની રકમ સંદર્ભ સાથે આપવામાં આવી છે.
- આલ્ફ્રેડ નોબેલે 1867 માં ડાયનેમાઈટની શોધ કરી હતી.

# 2018 નોબેલ પુરસ્કાર અને વ્યક્તિ

- ભૌતિકશાસ્ત્ર
- 1. આર્થર સ્કિન (અમેરિકા)
- 2. ગેરાર્ડ મોઉરો (ફ્રાંસ)
- 3. ડોના સ્ટ્રિકલેન્ડ (કેનેડા)
- સુત્ર:-ભૌતિકની આસ્કિન ગેરા ડોસી જેવી છે.

- 🧪 રસાયણશાસ્ત્ર 🧪
- 1. એચ આર્નોલ્ડ (અમેરિકા)
- 2. જ્યોર્જ પી. સ્મિથ (યુએસ)
- 3. ગ્રેગરી પી વિન્ટર (બ્રિટીશ)
- સુત્ર:- રસાયણશાસ્ત્રી જેપી એ ગેપી ને કિધુ આનો પીવાય

- 👩‍⚕️ તબીબી 👨‍⚕️
- 1.જેમ્સ પી એલિસન (અમેરિકા)
- 2. તાસૂકું હોજો (જાપાન)
- સુત્ર:- એલીજેમ્સ તબિયત તોહજો નાજુક છે.

# 2018 નોબેલ પુરસ્કાર અને વ્યક્તિ

- ✿ શાંતિ ✿
- 1. ડેનિસ મુકવેગે (કોંગો)
- 2. નાદિયા મુરાદ (ઇરાક)
- સુત્ર:- ડેનિસ ને શાંતિ નાદિયા

- 💰 અર્થશાસ્ત્ર 💰
- 1. વિલિયમ નારદૌસ (અમેરિકા)
- 2. પાલ રોમર (યુ.એસ.)
- સુત્ર:- વિલિયમને અર્થશાસ્ત્રનો પારો ઉચો કર્યો.

# 2018 નોબેલ પુરસ્કારથી સંબંધિત કેટલીક માહિતી

- • આ વર્ષે સાહિત્ય માટેનો નોબેલ પુરસ્કાર સ્થગિત કરાયો છે.
- • અગાઉ 1943 માં બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સાહિત્યનો એવોર્ડ મોકૂફ રાખવામાં આવ્યો હતો.
- • ભારતને ફક્ત એકવાર સાહિત્ય માટે નોબેલ પુરસ્કાર મળ્યો છે.
- • 1913 માં, ગીતાંજલી માટે રવિન્દ્રનાથ ટાગોરને આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

# ચર્ચીત મુદાઓ..

- બાંગ્લાદેશમા ચોથી વખત વડાપ્રધાન કોણ બનશે?
- ☞શેખ હશીના
- ☞બાંગ્લાદેશ શેખ હસીના ની પાર્ટી અવામી લીગ એ ચૂંટણી જીતી
- ☞ પ્રથમવાર EVM નો ઉપયોગ થયો.
- ☞બાંગ્લાદેશ નું વડુમથક – ઢાંકા
- ☞ચલણી નાણું - ટાંકા



## બાંગ્લાદેશમાં શેખ હસીનાને સતત પ્રચંડ બહુમત : ચોથી વખત પીએમ બનશે

### ૩૦૦ બેઠકોમાંથી અવામી લીગને ૨૬૦ બેઠકો પર જીત મળી : મોદીએ અભિનંદન પાઠવ્યા

। ઢાકા ।

વડાં પ્રધાન શેખ હસીનાની અવામી લીગે રવિવારે બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીઓમાં સતત ત્રીજી વાર ભારે બહુમતીથી જીત મેળવી હતી. બાંગ્લાદેશના રાજકીય ઈતિહાસમાં કોઈ પણ નેતા ત્રીજી વાર ચૂંટાઈ આવ્યો નથી. સત્તાધારી પક્ષે આ ચૂંટણીમાં ૮૦ ટકા મતો અંકે કરીને દક્ષિણ એશિયાની સૌથી મજબૂત સરકાર બનાવી હતી. હસીનાની અવામી લીગે ૩૦૦માંથી ૨૬૦ બેઠકો પર જીત મેળવી હતી. એની મુખ્ય સહયોગી જાતિયા પાર્ટીને ૨૧ બેઠકો મળી હતી. વનડે કેપ્ટન મશરફે મુર્તઝા પણ અવામી લીગની ટિકિટ પર ચૂંટાઈ આવ્યો હતો. મુખ્ય વિપક્ષ નેશનલ યુનિટી ફ્રન્ટે (એનયુએફ) અને એના સહયોગી બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (બીએનપી) માત્ર સાત બેઠકો પર સમેટાઈ ગઈ હતી.

બીજી બાજુ વિપક્ષ જતિયા ઓકિયા ફ્રન્ટ (નેશનલ યુનાઈટેડ ફ્રન્ટ) આ ચૂંટણીમાં હસીના સામે એન્ટિ-ઈન્કમ્બન્સી માટે આશાવાદી હતો અને પોતાની જીત થશે તો તે ઝિયાને કેદમાં છોડાવશે એવી આશા ધરાવતો હતો. વળી, બીએનપીનો ભૂતપૂર્વ જમાત-એ ઈસ્લામીના નેતાઓને ટિકિટ આપવાનો દાવ ઊંધો પડ્યો હતો, કેમ કે લોકોએ બીએનપી-જમાત ૨001-૨00૬ દરમિયાન સત્તા પર હતા ત્યારે લઘુમતી સામેના હુમલાઓમાં વધારો થયો હતો એ યાદ રાખ્યું હતું.

બાંગ્લાદેશની ચૂંટણીમાં એક સુરક્ષા કર્મચારી સહિત ૧૭ લોકો માર્યા ગયા હતા. હિંસાની ૧00 ફરિયાદો મળી હતી, એમ ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું. વિપક્ષે ચૂંટણીમાં ગેરરીતિ આચરવાનો આરોપ લગાડ્યો હતો અને ફરીથી

### હસીનાની જીત ભારત માટે સારા સમાચાર

ભારત હસીનાની જીત ભારત માટે સારા સમાચાર છે, કેમ કે છેલ્લાં દાયકામાં તેમની મુદત દરમિયાન બે દેશો વચ્ચેના દ્વિપક્ષી સંબંધો ઘણા સુધર્યાં હતા. ભારતના બીએનપી જમાત એલાયન્સ સરકાર (૨00૧-0૬) દરમિયાન સંબંધો હકારાત્મક નહોતા રહ્યા. તેઓ દેશમાં હિંદુઓ પર હુમલા કરતા હતા અને ભારત વિરોધી પ્રવૃત્તિઓ પણ કરતા હતા.

### મોદી-હસીનાએ દ્વિપક્ષી સંબંધોને મજબૂત કરવા પર ભાર મૂક્યો

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ શેખ હસીનાને ફોન કરીને તેમના પક્ષના એકતરફી વિજયનાં અભિનંદન આપ્યાં હતા. તેમની સાથે વાતચીતમાં હસીનાએ બાંગ્લાદેશના વિકાસ માટે સતત મળી રહેલા સહયોગ માટે ભારતનો આભાર માન્યો હતો. બંને નેતાઓએ સાથે મળીને કામ કરવાનો સંકલ્પ કર્યો હતો અને દ્વિપક્ષી સંબંધોને મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો.

### ગેરરીતિ થઈ હોવાની તપાસ

ચૂંટણી પંચે કહ્યું હતું કે તે ૧૬.૫ કરોડ મુસ્લિમોના બહુમતી ધરાવતા દેશમાં ચૂંટણીમાં વિપક્ષે કરેલા આરોપોનીના તપાસ કરશે. જોકે પ્રવક્તાએ આ તપાસને કારણે ચૂંટણી પરિણામો પર અસર પડશે એ વિશે કશું પણ કહેવાનો ઇનકાર કર્યો હતો.

### હ્યુમન રાઇટ્સે પણ શંકા વ્યક્ત કરી

હ્યુમન રાઇટસના દક્ષિણ એશિયાના ડિરેક્ટર મીનાક્ષી ગાંગુલીએ કહ્યું હતું કે મતદારોને ધમકી, વિપક્ષીના ચૂંટણી એજન્ટો પર નિયંત્રણો અને ગંભીર આક્ષેપો બાંગ્લાદેશની ચૂંટણી યોજવાની વિશ્વનીયતા અંગે શંકા ઊભી કરે છે.

**હસીનાની સૌથી મોટી જીત** હસીનાને દક્ષિણ પશ્ચિમી ગોપાલગંજ બેઠક પર અભૂતપૂર્વ જીત મેળવી હતી. તેમને ૨,૨૯,૫૩૯ મતો મળ્યા હતા., જ્યારે તેમના પ્રતિદ્વંદ્વીને માત્ર ૧૨૩ મતો મળ્યા હતા. એનયુએફ ગઠબંધનમાં બીએનપી, ગોનો ફોરમ, જતિયા સમાજતાંત્રિક દળ (જેએસડી), નાગરિક ઓકાયા અને કૃષક શ્રમિક જનતા લીગ સામેલ છે.

### ઇંદિરા ગાંધીએ હસીનાને દિલ્હીમાં શરણું આપ્યું હતું

શેખ હસીના પહેલી વખત ૧૯૯૬માં બાંગ્લાદેશનાં વડાં પ્રધાન બન્યા હતા. ૨00૧થી ૨00૮ સુધી ભ્રષ્ટાચારના આરોપસર તેઓ ઘણી વખત જેલમાં ગયા હતા. ૨00૪માં તેમની હત્યાના પ્રયાસ પણ થયા હતા. તેના આરોપ હેઠળ જ બાંગ્લાદેશના પૂર્વ વડાં પ્રધાન ખાલિદા જિયા હાલમાં જેલમાં છે. ૧૯૭૫માં હસીનાના પરિવારજનોની હત્યા કરવામાં આવી હતી. તેમણે ઇંદિરા ગાંધીની મદદ માગી હતી. તે સમયે ભારતમાં કટોકટી

# ચર્ચીત મુદાઓ..

આઇસીસી મહિલા ક્રિકેટર ઓફ ધ યર નો ખિતાબ કોને મળ્યો..?

☞સ્મૃતિ મંધાના

☞મહિલા ODI પ્લેયર ઓફ ધ યર -2018 પણ તેમને પ્રાપ્ત થયો.

**મંધાનાએ વેસ્ટ ઇન્ડીઝમાં રમાયેલા વર્લ્ડ ટી-૨૦માં ભારતને સેમિફાઇનલમાં પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી મંધાના મહિલા વન-ડે રેન્કિંગમાં ચોથા અને ટી-૨૦માં ૧૦મા ક્રમે**

। દુબઈ ।

ભારતીય મહિલા ટી-૨૦ ટીમની વાઈસ કેપ્ટન ૨૨ વર્ષીય સ્મૃતિ મંધાનાને સોમવારે આઈસીસીએ વર્ષની મહિલા ક્રિકેટર અને વર્ષની મહિલા વન-ડે પ્લેયર જાહેર કરાઈ હતી. ભારતની ૨૨ વર્ષીય પ્રતિભાશાળી મંધાનાએ વર્ષની મહિલા ક્રિકેટર બનતાં રાચેલ હેયો ફ્લિંટ ઍવૉર્ડ જીત્યો હતો. મંધાનાએ ૨૦૧૮માં ૧૨ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૬૬.૯૦ની એવરેજથી ૬૬૯ રન બનાવ્યા હતા. ૨૫ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચમાં તેણે ૬૨૨ રન બનાવ્યા હતા અને તેનો ટી-૨૦માં સ્ટ્રાઈકરેટ ૧૩૦.૬૭નો રહ્યો હતો. મંધાનાએ વેસ્ટ ઈન્ડીઝમાં યોજાયેલા મહિલા વર્લ્ડ ટી-૨૦માં ભારતને સેમિફાઈનલમાં પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેણે ટૂર્નામેન્ટમાં પાંચ મેચમાં ૧૭૮ રન બનાવ્યા હતા. મંધાના ઝડપી બોલર જૂલન ગોસ્વામી બાદ આઈસીસી ઍવૉર્ડ મેળવનાર માત્ર બીજી ભારતીય મહિલા ક્રિકેટર છે. જૂલનને ૨૦૦૭માં આઈસીસી ક્રિકેટર ઓફ ધ યરનો ઍવૉર્ડ અપાયો હતો. મંધાનાએ કહ્યું કે, આ રીતે ઍવૉર્ડ દ્વારા તમારા પ્રદર્શનને માન અપાય ત્યારે વધુ મહેનત કરવાની અને ટીમ માટે સારા પ્રદર્શન કરવાની પ્રેરણા મળે છે. મંધાના મહિલા વન-ડે રેન્કિંગમાં ચોથા સ્થાને છે જ્યારે ટી-૨૦ રેન્કિંગમાં ૧૦મા ક્રમે છે.

ઓસ્ટ્રેલિયાની ઓપનર અને વિકેટકીપર એલિસા હિલીને આઈસીસીની વર્ષની ટી-૨૦ ઈન્ટરનેશનલ મહિલા ક્રિકેટર જાહેર કરાઈ હતી. તેણે વર્લ્ડ ટી-૨૦માં છ મેચમાં ૨૨૫ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડની ૧૯ વર્ષીય સ્પિનર સોફી એક્લેસટોનને વર્ષની ઈમર્જિંગ પ્લેયર જાહેર કરાઈ હતી. તેણે નવ વન-ડેમાં ૧૮ વિકેટ અને ૧૪ ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં ૧૭ વિકેટ ઝડપી હતી.




**ઝડપી મહિલા બોલર જૂલન ગોસ્વામી બાદ પ્લેયર ઓફ ધ યર બનનાર સ્મૃતિ મંધાના બીજી ભારતીય મહિલા ખેલાડી છે**

**સ્મૃતિ મંધાનાની કારકિર્દી**

| | મેચ | રન | ઉચ્ચ સ્કોર |
|---|---|---|---|
| ટેસ્ટ | ૨ | ૮૧ | ૫૧ |
| વન-ડે | ૪૪ | ૧,૬૦૨ | ૧૩૫ |
| ટી-૨૦ | ૫૨ | ૧,૦૪૬ | ૮૩ |

*મંધાનાએ ૨૦૧૩માં વન-ડે અને ટી-૨૦ ઇન્ટરનેશનલ ક્રિકેટમાં અને ૨૦૧૪માં ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું.

Activate Windows
Go to Settings to activate Windows.

# એક નજર વન લાઈનર પર..

- ૧) ભૃગુકચ્છ એટલે ભરૂચની સ્થાપના કયારે થઇ હતી.?
- ☞ જવાબ:- મહાસુદ પાંચમ
- ☞ રેવાખંડ માં વર્ણન મુજબ મહા સુદ પાંચમ ના રોજ
- ☞ હવે દર વર્ષે વસંત પંચમી એ ભરૂચ નો સ્થાપના દિવસ ઉજવાશે.

- ૨) બુધવારે રિવરફ્રન્ટ પર વોકેથોન નું આયોજન થશે તેની થિમ શુ છે..?

- ☞ save the Girl chiled Theme

# એક નજર વન લાઈનર પર..

- 3) women's national boxing championship કયા રાજયમા થયુ..?
- ☞આયોજન વિજયનગર, કર્ણાટક માં થયું
- ☞બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા ના પ્રમુખ - અજય સિંહ
- ☞ત્રીજી women's national boxing championship નુ આયોજન થયું હતું

- 4) નવા મુખ્ય માહિતી કમિશનર તરીકે કોની નિમણૂક થઈ..?
- ☞ સુધીર ભાર્ગવ
- ☞Right to information act - 12/10/2005

# એક નજર વન લાઈનર પર..

- 5) કઈ રાજ્ય સરકારે અધ્યાત્મિક વિભાગ નામનું નવું વિભાગ બનાવશે..?
- ☞મધ્યપ્રદેશ
- ☞સીએમ – કમલનાથ
- ☞ગવર્નર - આનંદી બેન પટેલ
- 6) રેલવે બોર્ડ ના ચેરમેન તરીકે કોની નિમણૂક થઈ..?
- ☞ v.k.yadav
- ☞અશ્વિન લોહની નિવૃત્ત
- 7) ભારત સરકારે ગુમ થયેલા બાળકો શોધવા માટે કયુ વેબપોર્ટલ બનાવ્યું છે?
- ☞જવાબ:- "ખોયા પાયા"

# એક નજર વન લાઈનર પર..

- 8) GSAT-7A ઉપગ્રહને શ્રી હરિકોટાથી કયાં રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો?
- ☞GSLV-F11
- ☞GSAT-7A ઉપગ્રહને 19 ડિસેમ્બર લોન્ચ કરવામાં આવ્યો હતો.
- ☞ઈસરોએ 29 નવેમ્બર 2018 ના રોજ 31 ઉપગ્રહને PSLV-C 43 રોકેટ દ્વારા લોન્ચ કર્યા હતા.
- 9)વર્લ્ડ ઈકોનોમિક ફોરમે જાહેર કરેલ ગ્લોબલ જેન્ડર રિપોર્ટ મુજબ મહિલા-પુરૂષ સમાનતાના મામલે વિશ્વના 149 દેશોના લિસ્ટમાં ભારત કયાં ક્રમે છે?
- ☞108
- ☞આઈસલેન્ડ પ્રથમ ક્રમે છે.
- 10) ફૂટબોલર ખેલાડી લિયોનેલ મેસ્સીએ પાંચમી વખત "ગોલ્ડન શૂઝ એવોર્ડ" જીત્યો,તે કયાં દેશનો ખેલાડી છે?
- ☞.આર્જેન્ટિના
- ⏩યુરોપમાં રમાતી ટોપ ફાઈવ લીગમાં સૌથી વધુ ગોલ કરવા બદલ આ એવોર્ડ અપાય છે.

# એક નજર આજના ઈતિહાસ પર...

## 1 Januari...

- ☞આ દિવસ ખ્રિસ્તી નવું વર્ષ તરીકે ઉજવાય છે.
- ☞૧૯૦૬ - બ્રિટિશ ભારતે અધિકૃત રીતે ભારતીય માનક સમય (Indian Standard Time) અપનાવ્યો
- .☞૧૯૪૨ - સંયુક્ત રાષ્ટ્રસંઘ (United Nations) ના ઘોષણાપત્ર પર ૨૬ રાષ્ટ્રોએ હસ્તાક્ષર કર્યા.
- ☞🚃💂🚃૧૯૪૮ - બ્રિટિશ રેલ્વેનું રાષ્ટ્રીયકરણ થયું.
- ☞૧૯૪૯ - સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા, મધ્યરાત્રીથી કાશ્મીરમાં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ જાહેર કરાયો.
- ☞૧૯૭૮ - એર ઇન્ડિયા ફ્લાઇટ.૮૫૫ બોઇંગ ૭૪૭ (Boeing 747) તકનિકિ ખરાબી અને ચાલકની ભૂલને કારણે મુંબઇ પાસે સમુદ્રમાં અકસ્માત ગ્રસ્ત થઇ જેમાં ૨૧૩ યાત્રીઓ મૃત્યુ પામ્યા.
- ☞૧૯૮૩ - આર્પાનેટ (ARPANET)નું અધિકૃત રીતે ઇન્ટરનેટ (Internet)માં રૂપાંતરણ કરાયું.
- ☞૧૯૮૫ - ઇન્ટરનેટની ડોમેન નામ પ્રણાલી (Domain Name System) અસ્તિત્વમાં આવી.
- ☞૧૯૯૫ - વિશ્વ વ્યાપાર સંગઠન (World Trade Organization (WTO))નું ગઠન થયું.
- ☞૧૯૯૯ - યુરો ચલણ (Euro) અસ્તિત્વમાં આવ્યું.
- ☞૧૮૯૨ - મહાદેવભાઈ દેસાઈ, મહાત્મા ગાંધીના અંગત મદદનીશનો જન્મ (અ.૧૯૪૨)
- ☞૧૮૯૪ - સત્યેન્દ્રનાથ બોઝ, ભારતીય ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રીનો જન્મ (અ.૧૯૭૪)

# એક નજર આજના ઈતિહાસ પર...

## 1 Januari...

- 🔅1664: છત્રપતિ શિવાજીએ સુરત અભિયાન શરૂ કર્યું.
- 🔅1862: "ભારતીય દંડ સંહિતા" લાગુ કરાઈ .
- 🔅1880: દેશ માં મની-ઓર્ડર સેવા શરૂ થઈ.
- 🔅1912: ચીન પ્રજાસત્તાકની સ્થાપના થઈ.
- 🔅1995: તત્કાલીન વાઈસરોય દ્વારા મહાત્મા ગાંધીને કેશર એ હિંદી ની ઉપાધિ થી નવાજવામાં આવ્યા.
- 🔅1948: ઇટાલીનું બંધારણ બન્યું.
- નિધન
- ◆1933 ~ હેમચંદ દાસ : ભારતના પ્રસિદ્ધ ભૂ - વૈજ્ઞાનિક.
- ◆1955 ~ શાંતિસ્વરૂપ ભટનાગર : પ્રસિદ્ધ વૈજ્ઞાનિક
- ◆2008 ~ પ્રતાપ ચંદ્ર - પૂર્વ કેન્દ્રીય શિક્ષા મંત્રી